



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

૨૩ માર્ચ, ૨૦૧૯
મંદિર પાટોત્સવ તેમજ સંતભગવંત સાહેબજી ૮૦મા પ્રાગટ્યોત્સવની સભા,
ઉપાસના ધામ, વેમાર

**આજે** શ્રી ગુરુ પ્રાગટ્યદિન ! આજે શ્રી પ્રભુ પ્રાગટ્યદિન ! આજના દિનની સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આનંદની અભિવ્યક્તિ !

ગુરુની મહાનતા, ગુરુની વિશેષતા અને ગુરુ દ્વારા પ્રભુની થતી પ્રાપ્તિ, એ આપણી ઉપાસનાનો સાદો, સીધો અને સરળ માર્ગ છે. દૈનિક કૅલેન્ડરની આજની ૨૩મી તારીખમાં ગુણાતીતાનંદ સ્વામીની 'વાત' છે કે, 'સત્પુરુષના-ગુરુના ગુણ તો, તો આવે જો ગુરુને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને તેમની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ.' ગુણાતીતાનંદ સ્વામીએ ત્રણ વાત મુદ્દાની કરી છે. આજે જ્યારે પાટોત્સવની સાથે સાથે સાહેબદાદાનો પ્રાગટ્યદિન પણ ઊજવીએ છીએ ત્યારે, પ્રભુની મૂર્તિને વિષે, પ્રભુને ધારક આપણા ગુરુને વિષે અને એમના સંબંધવાળાને વિશે કેવો ભાવ રાખવો એ જ આપણે વાત કરવાની છે અને એ જ જ્ઞાન આપણે પાકું કરવાનું છે.

તો પહેલામાં પહેલું તો સત્પુરુષને-ગુરુને નિર્દોષ માને. સ્વામિનારાયણ ભગવાને વરદાન આપ્યું કે, 'તમે અમને જેવા માનશો એવા તો અમે તમને બનાવી દઈશું.' આપણે તેઓને નિષ્કામી, નિર્લોભી, નિસ્વાદી, નિસ્નેહી અને નિર્માની માનીશું તો આપણને પણ તેવા બનાવી દેશે. જેને આપણે આપણી ઈન્દ્રિયોના, આપણા સ્થૂળ શરીરના મુખ્ય પાંચ દોષ કહીએ છીએ કે જે દોષ આપણી ઉપર હાવી થઈ ગયા છે, એટલે આપણે ગુરુને અને ગુરુને આશ્રિત ભક્તોને પણ દોષબુદ્ધિથી જોઈએ છીએ. એટલે પહેલી શરત છે- નિર્દોષબુદ્ધિ ! એટલે હું ગુરુને નિર્દોષ માનીશ.

'ગુરુના ગુણ તો, તો આવે જો ગુરુને નિર્દોષ માનીએ.' સાહેબદાદાએ એમના ગુરુદેવ દાદાગુરુ યોગીજી મહારાજને એવી રીતે માન્યા, એવી રીતે જાણ્યા, એવી રીતે સેવ્યા કે આજે આપણે જોઈએ છીએ કે, એમને ગુરુના ગુણ આવ્યા. ગુણ આવ્યા એટલે શું ? તેઓ આપણને સૌને નિર્દોષ માને છે, સાહેબદાદા આપણામાં દોષ જોતા નથી, આપણે સાહેબદાદામાં દોષ શોધીએ છીએ, આપણા સાથીદારોમાં દોષ શોધીએ છીએ, ભૂલ કાઢીએ છીએ. પણ સાહેબદાદાએ જો આપણામાં દોષ જોયા હોત તો આપણે અહીંયાં હોત નહીં અને આપણા માટે આ ભક્તિ, આ આનંદ, આ ઉત્સવ અને મંગલ શક્ય ના બન્યું હોત.

એમના ઉપર તો એમના ગુરુની કૃપા થઈ. અને ભગવાન સ્વામિનારાયણનું વરદાન પણ ફળ્યું કે, 'તમે અમને જેવા માનશો એવા તો અમે તમને બનાવી દઈશું.' 'અમને' એટલે ? સ્વામિનારાયણ ભગવાન જેમના મારફતે મળ્યા છે એ ગુરુદેવ યોગીજી મહારાજ ! બાકી આ તો આરસની મૂર્તિ થઈ કે જે અહીંયાં બિરાજમાન છે. એને તો આપણે નિર્દોષ માનીએ જ છીએ અને એટલે તો આવીને મસ્તક ઝુકાવીએ છીએ, જે કાંઈ ભાવ છે તે અર્પણ કરીએ છીએ.

સ્વામીએ બીજી એક વાત કરી કે, 'સુવર્ણનાં ઘરેણાં અલગ અલગ આકારનાં હોય છે, અને જે અંગે ધારણ કરવાનું હોય તે પ્રમાણે તેનું નામ હોય છે ; પણ અંતે તો હેમનું હેમ - સોનું જ હોય છે.' કોઈ નાની અમથી

વાલની ચૂંક, હાથની વીંટી કે પોતાના મોંઘામૂલા નવા નક્કોર સુવર્ણના દાગીના જ્યારે અર્પણ કરે છે ત્યારે સુવર્ણનું દાન થયું એમ કહેવાય છે – બંગડીનું, ઝાંઝરનું, નથણીનું દાન અર્પણ થયું એમ કહેવાતું નથી. કેટલી સુંદર મહિમાની અને સાહેબદાદાના મહિમાની આ વાત છે ! સાહેબદાદાને ભગવાનનો સંબંધ જ દેખાય છે. એટલે જેમ વિવિધ પ્રકારની ઘરેણાં ઘડવાની કળાનો ઉપયોગ કરીને અલંકારો બનાવવામાં આવ્યા હોય, પણ તેમાં મૂળ તત્ત્વ તો સુવર્ણ છે, સુવર્ણનું તત્ત્વ જ મૂળ એમાં છે. એમ, ગુરુકૃપાથી શું બન્યું ? તો બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સાહેબદાદા ઉપર એવી કૃપા વરસાવી કે, એમને સર્વના ગુણ જ દેખાય છે, કોઈનો અવગુણ દેખાતો નથી, કોઈનો દોષ દેખાતો નથી, કોઈની ત્રુટિ દેખાતી નથી. અને 'ગુણ' એટલે ઈશ્વરે મૂકેલું સુવર્ણ ! દરેક વ્યક્તિમાં, દરેકના ચરિત્રમાં જે સદ્‌ગુણ છે એ ઈશ્વરે મૂકેલો છે. એ રીતે આપણું એકે એકનું વ્યક્તિગત રીતે અનોખું વ્યક્તિત્વ અને અસ્તિત્વ છે. પણ સાહેબદાદાએ સમગ્રતાથી એનો સ્વીકાર કર્યો છે. નાનો હોય-મોટો હોય, ગરીબ હોય-તવંગર હોય, ભણેલો હોય-અભણ હોય, દેશમાં રહેતો હોય કે વિદેશના વૈભવ વચ્ચે રહેતો હોય; પણ સાહેબદાદાએ સૌનોય પોતાના સમત્વભાવમાં રહીને સમગ્રતાથી સ્વીકાર કર્યો છે. આ ભગવાનનો ભાવ છે, આ ગુરુના આશીર્વાદ છે ! જે ગુરુકૃપા વગર શક્ય થતા નથી. આપણને આવું કરવામાં, આવું જીવવામાં, આવું વર્તવામાં કેટલી તકલીફ પડે છે એના ઉપરથી ખ્યાલ આવે છે કે, સાહેબ કેવા છે !

ગુણાતીતાનંદ સ્વામીની આ બહુ સુંદર વાત છે. પહેલો મુદ્દો કે, 'ગુરુને નિર્દોષ માને તો ગુણ આવે.' બીજો મુદ્દો : 'ગુરુને સર્વજ્ઞ જાણે' 'સર્વજ્ઞ'એટલે બધાનું બધું જાણનારા એટલી મોટી વાત જવા દઈએ, પણ મારું બધું જાણનારા મારા ગુરુ છે. હું જાહેરમાં કેવું વર્તું છું, હું લોકોની વચ્ચે કેવું વર્તું છું, કુટુંબ-પરિવાર, જાણીતા-ઓળખીતા સભ્યોની સાથે કેવી રીતે વર્તું છું ને એકાંતમાં એકલો કેવો થઈને રહું છું એ બધું તેઓ જાણે છે, જુએ છે, એમને બધી જ ખબર છે. 'મનકી જાણે, તનકી જાણે, જાણે ચિત્તકી ચોરી.' આ ગુરુ-શિષ્યનો સંબંધ છે. અને શિષ્ય જ્યારે સમર્પિત થઈને એમના શ્રીચરણોમાં બેસે છે ત્યારે મારા જીવનમાં જે કાંઈ પણ કરી રહ્યો છું, થઈ રહ્યું છે તે તેઓ કેમ જાણે છે ? કારણ કે, એમણે જ બધું કર્યું છે. એમણે જ કોઈકને સળી કરી અને એના દ્વારા જ આપણી રાઈ ચડી છે એ એમને ખબર છે. એટલે મારા જીવનમાં જે કંઈ પણ થઈ રહ્યું છે, કરી રહ્યા છે, કરાવી રહ્યા છે તે મારા ગુરુ જ કરી-કરાવી રહ્યા છે !

'સર્વજ્ઞ' જાણવા એટલે આપણને એમ કે, બધાનું બધું જાણે. એટલે બધા હાથ બતાવવા આવે કે, 'જરા જોઈ લોને, કે શું છે અમારું !' તો તેઓ કંઈ જ્યોતિષ છે ? તેઓ જ્યોતિષ પણ છે, પણ એવા જ્યોતિષ છે કે, તેઓ જે બોલે છે એ થાય છે. જે થવાનું છે એ ભાખતા નથી. જે થવાનું હોય એ ભાખે એને જ્યોતિષ કહેવાય, પણ તેઓ જે બોલે તે થાય એ ગુરુ કહેવાય ! કારણ કે, એ એમની ભગવદ્ સત્તા છે ! યોગીજી મહારાજનો જ્યારે જ્યારે મહિમા ગાવાનો આવ્યો હોય ત્યારે સાહેબદાદાએ આ વાત અચૂક કરી છે કે, 'યોગીજી મહારાજ વચનસિદ્ધ પુરુષ હતા. એ ધબ્બો મારે ને આશીર્વાદ આપે એટલે કામ થાય જ.' એટલે સત્પુરુષને સર્વજ્ઞ ને કર્તા-હર્તા જાણવા. 'સર્વજ્ઞ' જાણવા એટલે – 'બધાનું બધું જાણનારા' એ બહુ સીમિત અર્થ છે. પણ એટલી લાંબી ને મોટી વાત કરવાને બદલે, હું મારી પોતાની નિસ્બતની વાત કરું તો – મારું બધું એમને ખબર છે. અને એમને એટલે ખબર છે કે, તેઓ જ કરી-કરાવી રહ્યા છે, તેઓ કર્તા-હર્તા છે. બહુ જ મોટો નિષ્ઠાનો પાયો પાકો કરવાની આ વાત છે.

ગુણાતીતાનંદ સ્વામીજી ત્રીજી વાત કરે છે : 'અંતરાય ના રાખે.' ગુરુ અને શિષ્ય વચ્ચે કોઈ પણ પ્રકારનો અંતરાય નહીં. એને માટે યોગીબાપા બહુ સુંદર દૃષ્ટાંત આપતા, જે આપણે સાહેબદાદાના શ્રીમુખે અનેક વખત સાંભળ્યું છે કે, 'લોખંડની દાબડીમાં પારસમણિ સાચવી રાખવા માટે મૂક્યો હોય પણ એ દાબડી તો લોખંડની ને લોખંડની જ રહી. એમાંથી પારસમણિ કાઢી જેટલા જેટલા લોખંડને અડાડ્યું એ બધું સોનું થઈ ગયું પણ, એ જેમાં મૂક્યું હતું એ ડબ્બી તો લોખંડની ને લોખંડની રહી.' એમ મારી-તમારી-આપણા સૌની આ વાત છે. પારસમણિ તો છે જ, અને લોઢાને અડે તો સુવર્ણ કરી દે એમ છે. ત્યારે યોગીબાપા એનું કારણ કહેતા કે, 'વચ્ચે ચિનાઈ કાગળ મૂકેલો છે.' લોખંડની ડબ્બી, ધાતુ અને પારસમણિ એ બે વચ્ચેનું કાગળિયું જે છે એ અંતરાય છે. એવાં અંતરાયનાં ઘણાં પડો આપણી અને ગુરુની વચ્ચે હોય છે. જેને જે પડ હોય એ એને મુબારક ! પણ આપણે એ અંતરાય ટાળવો છે.

'ગુરુના ગુણ તો, તો આવે જો એમને નિર્દોષ સમજે, સર્વજ્ઞ જાણે અને અંતરાય ના રાખે તો મોટા પુરુષના ગુણ અવશ્ય આવે.' એમ ગુણાતીતાનંદ સ્વામી કહે છે. સાહેબદાદાના પ્રાગટ્યદિન નિમિત્તે આપણા એમની સાથેના અદ્‌ભુત પ્રસંગો, બીજા બધાના જાણેલા પ્રસંગો, ઘણા બધા પરચા અને ચમત્કાર, આશીર્વાદને પરિણામે થયેલાં ઘણાં બધાનાં કામ; એ બધું તો આપણે કહીએ અને કહેવું, કારણ કે, સાહેબદાદાએ આપણને એ જ શિખવાડ્યું છે.

હમણાં બે દિવસ ધારી સાહેબદાદાના સાંનિધ્યમાં રહી આવ્યા. ત્યારે સાહેબદાદાએ સભામાં એમની સાથે પધારેલા જે મુક્તો હતા એમનાં ગુણગાન ને મહિમાની જ વાતો કરી. 'મેં આમ કર્યું ને મેં તેમ કર્યું, મારા

ગુરુએ મને આમ કરાવ્યું કે તેમ કરાવ્યું !' એવી કોઈ વાત એમણે ના કરી. બે-ત્રણ વાત હસાવવા માટે એવી કરી કે, 'હું કેવો હતો ?' એમાં દીવાસળિયાવાળી વાત જેવા બે-ત્રણ પ્રસંગો કહીને ભક્તોને રમૂજ પણ કરાવી. એ કહેવા પાછળનો એમનો ભાવ એક જ હતો કે. 'ગુરુકૃપા હી કેવલમ્ શિષ્યસ્ય પરમ મંગલમ્ ।' મારા ગુરુદેવ યોગીજી મહારાજની મારા ઉપર કૃપા થઈ એ જ મારા માટે પરમ મંગલ ! પરમ આનંદ ! અને મારા જીવનનું એ જ શ્રેષ્ઠ સૌભાગ્ય ! તો સાહેબદાદાએ પોતાને ગમતું નહીં, પણ પોતાના ગુરુ યોગીજી મહારાજને જે ગમતું એ જ વાત હંમેશાં કહી છે. કહી છે એટલું જ નહીં, પણ કરી છે અને આપણને સૌને કરવાનું પણ કહ્યું છે. એ સિવાય એમણે બીજું કશું ય કહ્યું નથી.

સાહેબદાદાએ કહ્યું કે, 'ત્રણ વાત કરવી છે. એક વાત અઠવાડિક સત્સંગસભા નિયમિત કરજો, ઉમંગથી કરજો, ઉત્સાહથી કરજો, હોંશથી કરજો.' અને એની સાથે સાથે એમણે એમ પણ કહ્યું કે, 'તમારા શરીરને લાવીને સભામાં બેસાડજો.' ઘણા બધા એમ કહે કે, 'સભામાં મજા નથી આવતી, બોરિંગ લાગે છે. એનું એ બધું રુટિન હોય છે એટલે કંટાળો આવે છે.' પણ સાહેબે કહ્યું, 'સભા ઉમંગથી કરજો, ઉત્સાહથી કરજો, કંટાળ્યા વગર કરજો, આવીને બેસજો પછી ઊંઘી જજો-વાંધો નહીં.' આવા ગુરુ કોઈ મળે ? તમે ઊંઘતા હોય ને તમને ભગવાનનું સુખ મળે. 'તું આવ્યો ને ! તારા શરીરને તું અહીં લઈ આવ્યો ને ! તને યાદ રહ્યું ને કે આજે સભા છે !' એ મુખ્ય વાત છે. એને બદલે આપણે કાર્યકર્તા, સંચાલક, વૃંદસંચાલક એટલે બીજા બધાને ટકોર કરવાનો પણ જાણે આપણને હક્ક અને અધિકાર ! એટલે આપણે શું કહીએ ? 'ભાઈ ! બહુ દિવસે દેખાયા ? ક્યાં હતા ?' પણ નહોતા તે દિવસે તો તમે ખબર પૂછી નહીં. તમને એમ થયું, લાગણી થઈ, પ્રેમ થયો ? કે, ફોન કરીએ, 'આજે સરસ સભા થઈ, અમે તમને બહુ યાદ કર્યા. કેમ આજે દેખાયા નહીં ?' આવું કરવું નથી, પણ પટલાઈ કરવી છે. એટલે કોઈક દિવસ પણ સભામાં દેખાતો હોય એ પણ બંધ થઈ જાય. એના કરતાં તે આવે છે તો ભલેને આવતો, એને આવવા દોને ! તમારા ગુરુને વાંધો નથી, તો તમને શો વાંધો છે ? એમ બીજાનું કરવામાં આપણે કોરા રહી જઈએ છીએ એનું આપણને ભાન રહેતું નથી. આપણે આપણું પોતાનું કરવાનું છે.

સાહેબદાદાએ મુદ્દો પકડ્યો, 'મને મારા ગુરુએ અઠવાડિક સત્સંગસભા કરવાની આજ્ઞા કરી અને એનાથી એમની પ્રસન્નતા પ્રાપ્ત થઈ, તો ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો આ સહેલો રસ્તો હું સૌને બતાવું છું કે, જે રસ્તે હું ચાલ્યો છું.' 'મહાજનો યેન ગતઃ સ પન્થાઃ' મોટા પુરુષો જે માર્ગે ચાલે છે એ માર્ગે આપણે ચાલીએ તો ભૂલા ના પડીએ, ભટકાઈ ના જઈએ. એટલે મારા ગુરુ યોગીજી મહારાજની અઠવાડિક સત્સંગસભાની આજ્ઞા અને સભા કરે એ એમને બહુ ગમતું, તો એમનું ગમતું મારે કરવાનું અને મારી સાથે જે જોડાય તેમને પણ મારે આ જ માર્ગ બતાવવાનો ! એમણે પોતાના પ્રાગટ્યદિને મુદ્દાની જે ત્રણ વાતો કરી એની સ્મૃતિ આપણે કરીએ અને એને વાગોળીને પાકી કરવા માટે છે - અઠવાડિક સત્સંગસભા !

ગામેગામે નાનાં-મોટાં મંડળોમાં જે સભાઓ થાય છે એ સભા બહુ જ પ્રેમથી, ઉત્સાહ ને ઉમંગથી કરીએ. અને ભગવાનનો અને ગુરુનો મહિમા સમજીને, એમની આજ્ઞાથી કરું છું એવા અનુસંધાનથી આપણે અઠવાડિક સત્સંગસભામાં નિયમિત જઈએ; એ ભગવાનનો પાટોત્સવ ઊજવ્યો કહેવાય, એ ગુરુની જન્મજયંતી ઊજવી કહેવાય.

બીજી વાત એમણે કરી. 'ભગવાન અને ભગવાનના ભક્તોની સેવા મન, કર્મ, વચનથી અને સંપ, સુહૃદભાવ ને એકતાથી કરવી.' એ પણ યોગીબાપાનું સૂત્ર. યોગીબાપા જે બોલતા એ જ વાત સાહેબદાદા પોતાના જીવન-આચરણમાં લાવ્યા અને એ જ વાત આપણને શિખવાડી રહ્યા છે - 'સંપ સુહૃદભાવ ને એકતા !' સુહૃદભાવના જીવતા-જાગતા દૃષ્ટાંતનું અહીંયાં દર્શન થાય છે. અહીં સ્થાનિક ગામના, આજુબાજુના ગામના, પ્રાદેશિક મંડળોના ભક્તોએ ફટાફટ જગ્યા ખાલી કરીને ત્યાં પાછળ બેસીને, દૂર દૂરથી જે મહેમાનો આવ્યા છે એમને માટે આગળ જગ્યા કરી આપી; આ 'સુહૃદભાવ' જીવન-આચરણમાં આવ્યો કહેવાય. ભગવાન અહીં બિરાજમાન થયા, ગુરુ મળ્યા, સંતોનો સત્સંગ થયો તો શું શીખ્યા ? આ શીખ્યા કે, બીજાને આગળ કરતા થયા, બીજાને માટે જગ્યા કરતા થયા, બીજાને પ્રેમ ને આદર આપતા થયા.

સુહૃદભાવ જીવન આચરણમાં આવે. સભામાં, ભોજનમાં, દર્શનમાં - ક્યાંય પણ વહેલા દર્શન કરવાનાં, ગુરુના પગમાં પડવાનું એ ભક્તિ છે, પ્રેમ છે; પણ, એની સાથે સાથે જો મહિમા હોય તો વડીલોને, વૃદ્ધોને, બીમારને, અશક્તને, દરિદ્રનારાયણને પ્રેમ ને આદર આપી તેમને પહેલા લાભ આપી શકાય.

'દરિદ્રનારાયણ' - આજકાલ આપણે 'દાસાનુદાસ' શબ્દ પ્રયોગ કરીએ છીએ. દરિદ્રનારાયણ એટલે જે દાસ છે, જે સેવક છે, જે નિર્અહંકારી છે એ ખરેખરો ગરીબ છે. ધનસંપત્તિથી ગરીબ નહીં, અહંકાર રહિતનો જે હોય, નમ્ર હોય, સેવક હોય, એ દાસ છે અને એ સાચા અર્થમાં દરિદ્ર છે. જ્ઞાન પ્રાપ્ત થયું હોવાં છતાં પણ જ્ઞાનગરીબીથી જીવે છે. પોતાનો અહંકાર, જ્ઞાન, ડહાપણ, સમજણ એનું કોઈ જાતનું પ્રદર્શન નહીં. એ સાચા અર્થમાં દરિદ્ર છે અને એનામાં નારાયણનો વાસ છે. એ દરિદ્રનારાયણ છે - ભિખારીઓ નહીં.

ત્રીજી વાત સાહેબદાદાએ કરી કે, 'ધૂન, ભજન, પ્રાર્થના, સ્વાધ્યાય, સત્સંગ અને સંતોનો સમાગમ એ સતત રાખજો.' ઉપરની બે કલમોના પાલનમાં વાંધો પડે ત્યારે એ વાંધો સુધારી લેવા માટે, વ્યક્તિગત આત્મિક ઉત્થાન માટે, મારા પોતાના વ્યક્તિગત વિકાસ માટે સ્વાધ્યાય કરવો જરૂરી છે. જ્યાં પણ આ કલમનું પાલન ના થયું ત્યાં ધૂન-ભજન-પ્રાર્થનાનો ઉપાય લેવો.

હમણાં જ આપણે હોળી-ધુળેટી ઊજવી છે. ભગતજી મહારાજે સૂત્ર આપ્યું કે, 'ભજન કરતાંકરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે.' 'હું'પણાનો ભાવ ના આવે, અહંકાર ના આવે, અંતર ટાઢું રહે. અને ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, 'જેનું આવું અંતર ટાઢું હોય એના ઉપર મોટા પુરુષ સહેજે જ રાજી થાય છે.' જેનું અંતર ધખતું હોય એની ઉપર શું ધૂળ રાજી થાય ? આનાથી વધારે ચોખ્ખું બીજું શું કહેવાનું હોય ? જેને અંદર ધખે છે એને શાંત થવાની જગ્યા મંદિર છે, સંસ્કાર અને સંસ્કૃતિને સાચવવાની જગ્યા પણ મંદિર છે, સંસારના પ્રશ્નોને ઉકેલવાની પ્રેરણા અને બળ-શક્તિ મેળવવાની જગ્યા પણ મંદિર છે. ભગવાનની મૂર્તિ છે, ગુરુના આ આશીર્વાદ છે ! શું થઈ રહ્યું છે ? કેમ થઈ રહ્યું છે ? એનું આપણને કશું જ ભાન નથી અને તે છતાંય થઈ રહ્યું છે એ કેટલી મોટી વાત છે ! એ તો જેમ જેમ સમજાતું જાય અને શાસ્ત્રોના શબ્દોનો જ્યારે આપણને મેળ અને તાલ બેસતો જાય ત્યારે ખ્યાલ આવે.

ઈંદ્રધનુષમાં સાત રંગો હોય છે, પણ મૂળભૂત ત્રણ રંગ છે. 'લાલ-લીલો ને વાદળી એ મુખ્ય રંગ કહેવાય, બાકી બધા મેળવણીથી થાય !' એવું આપણે ભણ્યા છીએ. પણ એ સાતેય રંગોને ચક્રમાં ચીતરીને ચક્રને જો સતત ફેરવવામાં આવે તો માત્ર ને માત્ર એક જ રંગ દેખાય છે - શ્વેત રંગ ! એમ, ભિન્ન ભિન્ન પ્રકૃતિ, ભિન્ન ભિન્ન રુચિવાળા આપણે બધા ભગવાનના ભક્તો ભેગા થયા છીએ. ઈંદ્રધનુષ રચીએ ત્યારે તો સૌ પોતપોતાનાં સ્વભાવ અને પ્રકૃતિ અનુસાર પોતપોતાના રંગ દેખાડે, પણ એ જ્યારે ભગવાન સાથે જોડાઈને ચકરડે ચડે ત્યારે એક જ રંગ રહે છે અને જે છે શ્વેત રંગ ! પ્રભુનો પરમ અને દિવ્યપ્રકાશ !

એવા સંગીતમાં સાત સૂર હોય છે. 'સા રે ગ મ...' આવા દરેક રંગ, સૂર અને એની સાથે, એના માધ્યમથી જુદા જુદા રસ - હાસ્ય રસ, કરુણ રસ, શૂરવીર રસ આદિ રસ પ્રાપ્ત થાય છે. એનો અર્થ એમ થયો કે, ભગવાન આપણું જીવન રંગોથી, રસથી અને સર્વ પ્રકારના સૂરથી ભર્યુંભર્યું બનાવવા માંગે છે, પણ એનો તાલમેલ થવો જોઈએ. એ તાલમેલની ગુરુચાવી ગુરુ છે. 'ગુરુ બિન જ્ઞાન નહીં' એમ કહ્યું છે. આપણા સંપ્રદાયની પરંપરામાં પણ ગુરુ એ માત્ર શરીર નથી, પણ ગુરુ એ પરમ તત્ત્વ છે. અને એમના દ્વારા પરબ્રહ્મ પરમાત્મા સઘળે ઠેકાણે વિચરી રહ્યા છે, વિલસી રહ્યા છે, મને દર્શન દઈ રહ્યા છે. 'વચનામૃત'માં સ્વામિનારાયણ ભગવાને પણ આ વાત - 'મને મળ્યા તે...' બહુ સ્પષ્ટ રીતે દર્શાવી છે. થઈ ગયા એ નહીં, પણ મને મળ્યા એ પ્રત્યક્ષ-પ્રગટની વાત કરી છે. ગુણાતીતાનંદ સ્વામીએ પણ એમની 'વાતો'માં કહ્યું કે, 'જેવી પરોક્ષ દેવને વિશે પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિશે થાય તો બીજું કાંઈ કરવાપણું રહેતું નથી.'

મંદિરનો પાટોત્સવ - ત્રીજું વર્ષ અને સાથે સાથે સાહેબદાદાનો ૮૦મો પ્રાગટ્યોત્સવ ! વર્ષો તો ગણતા જઈશું, પણ આ બેય મારા સમયમાં અને તે સમયે હું હાજર ! અને એનો મને અદ્ભુત લાભ મળ્યો ! મારા જીવનનું સૌથી મોટું સદ્ભાગ્ય ! બીજું બધું નહીં મળે તો કંઈ નહીં, આ મળ્યું ને ! એ પ્રાપ્તિ, એ કેફ, એ આનંદ ! એ સાચું !

એટલે સાહેબદાદા વારેવારે એમ કહે છે કે, 'હું કેવો છું ? તે તરફ જોવાનું મૂકીને, મને કેવા મળ્યા છે એ તરફ સતત જોતા રહીએ.' મારામાંતો અનેક પ્રકારના દોષ છે, સ્વભાવ છે, પ્રકૃતિ છે, આની જોડે નથી ફાવતું-પેલાની જોડે નથી ફાવતું, આની જોડે તો બહુ જ ફાવે છે, એના વગર તો સહેજે નથી ચાલતું ; આ બધું 'હું' છું. એ તરફ જોવાને બદલે મને જે મળ્યા છે તે કેવા છે ? એમના તરફ જોઈએ તો પછી પેલો સંબંધ શરૂ થાય છે. 'એને નિર્દોષ જાણે, એને સર્વજ્ઞ માને અને એની સાથે અંતરાય ના રાખે' તો ગુરુના ગુણ આવે. એવો ગુણવારસો જેણે ધારણ કર્યો છે, પ્રભુનો દિવ્ય વારસો, દાદાગુરુ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો ગુણવારસો જેણે ધારણ કર્યો છે એવા ગુરુ મને મળ્યા ! એમના તરફ આપણે જોઈએ.

તમને જાણીને આનંદ થશે. જગદીશ્વરાનંદ મહારાજ જ્યારે પધાર્યા, ને મેં એમને આસન પર બિરાજવાનું કહ્યું ત્યારે એમના મુખમાંથી પહેલો શબ્દ બોલ્યા કે, 'જાણે જશુભાઈ સાહેબ અહીંયાં સાક્ષાત્ બિરાજમાન હોય એવાં દર્શન થયાં.' જેમને બ્રહ્મનું તત્ત્વ જોવાની બ્રહ્મદૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય તે વ્યક્તિ આ પ્રકારનો ઉદ્ઘોષ કરે છે. આ એમના દિલના સહજ ઉદ્ગાર હતા ! આ છબિ નથી, એ દિવ્ય સ્વરૂપ મારા ગુરુ છે. અને તેઓ જ્યારે અહીંયાં સદેહે-સ્થૂળ સ્વરૂપે બિરાજમાન હોય અને આપણે જેમ સીધા-સરખા રહીએ ; એમ મંદિરમાં, સભામાં કે ઘરમાં છબિ સ્વરૂપે બિરાજમાન હોય ત્યારે પણ સીધા ને સરખા રહીએ તો તેમને સર્વજ્ઞ માન્યા કહેવાય.

'મારા ગુરુ સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ છે, મને જુએ છે, જાણે છે અને મારા આધ્યાત્મિક ઉત્કર્ષ માટે એ સઘળું કરી-કરાવી રહ્યા છે.'-આ બ્રહ્મતત્ત્વનો સ્વીકાર છે ! આવું બોલવામાં આવ્યું છે તો હવે જીવન-આચરણમાં પણ આવે અને એમની કૃપા ને અનુગ્રહ સદાય આપણા સર્વ ઉપર વરસતાં રહે એવી મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆